પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૪૪ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૭, શનિવાર ; મહા વદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### મણીપુરમાં ભૂકંપના આંચકા



પૂર્વ ભારતના મણીપુરમાં ૫.૨ રીક્ટર સ્કેલના તીવ્ર ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જો કે હજુ સુધી કોઈ જાનહાનીના અહેવાલ નથી.

### મેયર જ નહીં, મુખ્યમંત્રી પણ શિવસેનાના હશે



શિવસેનાના સુપ્રિમો ઉધ્ધવ ઠાકરેએ સામનાના તંત્રીલેખમાં લખ્યું છે કે મુંબઈના મેયર તો શિવસેનાના જ બનશે તેમાં કોઈ બેમત નથી પરંતુ હવે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પણ શિવસેનાના જ હશે.

### રાહુલ ગાંધી મેચ્યોર નથી : શીલા દીક્ષીત



રાહુલ ગાંધી હજુ પરિપક્વ નેતા બની શક્યા નથી. હજુ તેમને ઘડાવા માટે વધુ સમય આપવાની જરૂર છે. એમ દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષીતે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યુ હતુ.

### ૧૦૪ ઈનિંગ બાદ કોહલી પ્રથમ વખત ઝીરોમાં આઉટ



વિરાટ કોહલીની ટીમ ઓસ્ટ્રેલીયા સામે ઝઝૂમી રહી છે ત્યારે વિરાટ પણ ૧૦૪ ઈનિંગ અને બે વર્ષ બાદ પહેલી વખત ઝીરોમાં આઉટ થયો હતો.

### શિલ્પા શેટ્ટી સ્વચ્છ ભારતની નવી બ્રાન્ડ એમ્બેસેડર



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત અભિયાન માટે અભિનેત્રી શિલ્પા શેટ્ટીને બ્રાન્ડ એમ્બેસેડર બનાવી છે. આ અભિનેત્રી ટીવી અને રેડિયો અભિયાનોમાં રોડ પર ગંદકી ફેલાવનાર લોકોને શીખ આપતી જોવા મળશે.

### ૧૧૨ ફૂટ ઊંચી શિવજીની પ્રતિમાનુ અનાવરણ



મહાશિવરાત્રિના પાવન પર્વે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભગવાન શિવની ૧૧૨ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કર્યું છે. કોઈમ્બતુરના ઈશા યોગ કેન્દ્રમાં આ પ્રતિમા બનાવાઈ છે.

# શિવસેના-ભાજપના પુનઃ જોડાણના સંકેતો

**શિવસેના-ભાજપ પાસે હાથ મિલાવવા સિવાય વિકલ્પ નથી : કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરીએ સંકેત આપતા રાજકીય ગરમી : હાથ મિલાવવાના બદલામાં શિવસેનાને પણ ભાજપની સામે પોતાના આક્રમક વલણને છોડી દેવું પડશે : મેયર પદને લઈને ભાજપ-શિવસેના વચ્ચે ખેંચતાણ**



મુંબઇ, તા. ૨૪

બ્રિહાન મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી) ચૂંટણીના પરિણામ આવ્યા બાદ મેયર પદને લઈને મડાગાંઠ સર્જાઈ ગઈ છે. આવી સ્થિતિમાં ભાજપે શિવસેનાની સાથે હાથ મિલાવવાના સંકેત આપી દીધો છે. મહારાષ્ટ્રના વરિષ્ઠ નેતા અને કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે બીએમસીમાં ચર્ચા બાદ બંને પાર્ટીઓ સાથે આવી શકે છે. અલબત્ત તેમણે સાફ શબ્દોમાં કહ્યું હતું કે શિવસેનાને આના બદલામાં ભાજપની સામે પોતાના આક્રમક વલણને છોડી દેવું પડશે. શિવસેના પરિણામ બાદ મેયર પદને લઈને દાવો કરવાની વાત કરી ચુકી છે. ગડકરીએ કહ્યું છે કે ચૂંટણી દરમ્યાન ભાજપ અને શિવસેના વચ્ચે મતભેદ રહ્યા છે પરંતુ બંનેના વિચાર એકસમાન છે. મેયરને લઈને ચર્ચા કરીને રસ્તો કાઢી શકાય છે. ગડકરીએ એક સમાચાર ચેનલ સાથેની વાતચીતમાં કહ્યું છે કે બીએમસીમાં શિવસેનાની સાથે હાથ મિલાવી શકાય છે. ચૂંટણી પહેલા બંને વચ્ચે મતભેદની સ્થિતિ હતી. બંને પાર્ટીના નેતા સમજદાર છે. ચૂંટણી પરિણામ બાદ યોગ્ય નિર્ણય રાજ્યના હિતમાં હશે. બીએમસીને લઈને નિર્ણય ઉદ્ધવ ઠાકરે અને દેવેન્દ્ર

● અનુસંધાન પાન-૭ પર

# પૂણે ટેસ્ટમાં ભારતનો સાવ નબળો દેખાવ

**માત્ર ૧૧ રનમાં સાત વિકેટ ગુમાવી, હાલત કફોડી : ભારત ૧૦૫માં ઓલઆઉટ, ઓસ્ટ્રેલિયાની ૨૯૮ની લીડ : ઓસ્ટ્રેલિયાના પ્રથમ દાવમાં ૨૬૦ અને બીજા દાવમાં ચાર વિકેટે ૧૪૩ રન : ભારતને છ સિરિઝમાં ઘરઆંગણે હારનો સામનો કરવો પડ્યો નથી**

પૂણે,તા. ૨૪

પૂણેના મેદાન ખાતે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટમાં બીજા દિવસે આજે ઓકીફે તરખાટ મચાવ્યો હતો. તેના તરખાટના કારણે ભારતીય ટીમનો જોરદાર ધબકડો થયો હતો અને ભારતીય ટીમ પ્રથમ દાવમાં માત્ર ૧૦૫ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતે ૧૧ રનમાં સાત વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારબાદ ઓસ્ટ્રેલિયાએ પોતાના બીજા દાવમાં આજે રમત બંધ રહી ત્યારે ચાર વિકેટે ૧૪૬ રન કર્યા હતા. રમત બંધ રહી ત્યારે કેપ્ટન સ્મીથ ૫૯ અને મિચેલ માર્શ ૨૧ રન સાથે રમતમાં હતો. ઓસ્ટ્રેલિયાએ હવે ભારત ઉપર ૨૯૮ રનની લીડ મેળવી લીધી છે અને તેની છ વિકેટ હજુ પણ હાથમાં હોવાથી આ ટેસ્ટ મેચ અતિ રોમાંચક તબક્કામાં પ્રવેશી ગઈ છે.

ભારત ઉપર દબાણ વધી ગયું છે. ઓસ્ટ્રેલિયાના પ્રથમ દાવમાં ૨૬૦ રન ઓલઆઉટના જવાબમાં ભારતીય ટીમ આજે ૪૦.૧ ઓવરમાં જ ૧૦૫ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ત્યારબાદ ઓસ્ટ્રેલિયાએ પણ તેના બીજા દાવમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. આજના દિવસમાં કુલ ૧૫ વિકેટો પડી હતી. આજનો દિવસ બોલરોનો દિવસ રહ્યો હતો. જોકે મુખ્ય વિશેષતા ઓસ્ટ્રેલિયામાં લેફટઆર્મ સ્પીનર સ્ટીવ ઓકીફનો રહ્યો હતો. કીફે એક જ ઓવરમાં ત્રણ વિકેટ ઝડપી હતી. કીફે ૧૦૫

● અનુસંધાન પાન-૭ પર

# પૂર્વાંચલમાં ભાજપ તમામ તાકાત લગાવશે

**મોદી જોનપુર, મિરજાપુરમાં રેલી યોજશે : અમિત શાહ છઠ્ઠી માર્ચના દિવસે વારાણસીમાં રોડ શો કરશે**

લખનૌ,તા. ૨૪

ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં સમગ્ર દેશની નજર કેન્દ્રિત થયેલી છે. પૂર્વાંચલના વિસ્તારોમાં હજુ મતદાન થયું નથી. ભાજપે પોતાના પ્રચારના હેડક્વાર્ટરને હવે લખનૌથી ખસેડીને હવે વારાણસી શિફ્ટ કરી લીધું છે. પૂર્વાંચલની ૮૯ બેઠક પર ચાર અને આઠમી માર્ચના દિવસે મતદાન થશે. પાર્ટીની રણનીતિ હેઠળ માત્ર અમિત શાહ જોરદાર પ્રચાર કરશે નહીં બલ્કે પાર્ટી વધુ આક્રમક રીતે પ્રચાર કરશે. આ રણનીતિ હેઠળ અમિત શાહ અલ્હાબાદમાં રોડ શો કર્યા બાદ વારાણસી પહોંચી ચુક્યા છે. વારાણસીમાં છઠ્ઠી માર્ચના દિવસે વિશાળ રોડ શોનું આયોજન કરાયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રીજી માર્ચના દિવસે વિશાળ રેલીને સંબોધન કરનાર છે. વડાપ્રધાન જોનપુર અને મિરજાપુરમાં પણ રેલી યોજનાર છે. ૨૭મી ફેબ્રુઆરીના દિવસે રાજયના મુખ્યમંત્રી અખિલેશ યાદવ અને કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી પણ રોડ શો કરનાર છે.

મોદી દ્વારા આક્રમક આયોજન કરવામાં આવ્યું છે. પાંચમાં અને છઠ્ઠા તબક્કામાં મતદાન યોજાનાર છે. અહીં ભાજપે ૨૦૧૨માં ૧૧ બેઠક જીતી હતી. જ્યારે સમાજવાદી પાર્ટીને ૫૦ અને બહુજન સમાજ પાર્ટીને ૧૪ તથા કોંગ્રેસને સાત બેઠકો મળી હતી. ભાજપે ૨૦૧૨માં આઝમગઢ જિલ્લામાં તમામ ૧૦ બેઠકો ગુમાવી હતી. જ્યારે વારાણસીમાં આઠ પૈકીની ત્રણ બેઠક ગુમાવી હતી. ૨૦૧૪માં ભાજપની મત હિસ્સેદારી વધી હતી.



હર હર મહાદેવ - મહાશિવરાત્રીના મહાપર્વે શિવાલયોમાં ભાવિકોએ ભાવપૂર્વક ભગવાન શંકરના પૂજન અર્ચન કર્યા હતા.... જલાભિષેક, લઘુરૂદ્ર, શિવમહિમ્ન સ્ત્રોતમ્ જેવા ભક્તિમય માહોલને નિર્માણ કરતા કાર્યક્રમો યોજાયા હતા... અમદાવાદના પ્રસિદ્ધ ચકુડિયા મહાદેવ ખાતે વહેલી સવારથી ભાવિકો દર્શનાર્થે ઉભરાયા હતા....

# યુપીમાં પાંચમાં ચરણમાં ચૂંટણી પ્રચાર પરાકાષ્ઠાએ

**સોમવારના દિવસે મતદાનને લઈને ભારે ઉત્સાહ : રાહુલ ગાંધીની પરંપરાગત બેઠક અમેઠી તેમના ચમત્કાર માટે પરીક્ષા લેવા માટે તૈયાર : રામ નામને લઈને મત ખેંચનાર ભાજપની પણ આકરી કસોટી**

લખનૌ,તા. ૨૪

ઉત્તરપ્રદેશમાં પાંચમાં તબક્કામાં સોમવારના દિવસે મતદાન યોજાનાર છે. જેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. તમામ જગ્યાએ તમામ રાજકીય પક્ષોની અગ્નિકસોટી થનાર છે. વર્ષ ૨૦૧૨માં આ તબક્કામાં ૫૨ સીટ પૈકી સમાજવાદી પાર્ટીએ ૩૮ બેઠકો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો હતો. જ્યારે કોંગ્રેસના ખાતામાં પાંચ બેઠકો આવી હતી. જેથી આ દ્રષ્ટિએ ૮૫ ટકા સીટ ગઠબંધનના ખાતામાં આવી હતી. અલબત્ત આ વખતે આ પૈકી કોંગ્રેસના એક ધારાસભ્ય બસપમાં અને બે ભાજપની સાથે હાથ મિલાવી ચુક્યા છે. ભાજપ અને બસપ આ તબક્કામાં કોંગ્રેસથી પાછળ રહી ગયા હતા. જે જિલ્લામાં ચૂંટણી યોજાનાર છે તેમાં બલરામપુર, ગૌન્ડા, ફૈઝાબાદ, આમ્બેડકર નગર, બહરાઈચમાં મતદાન યોજાનાર છે. કુલ વોટરની સંખ્યા ૧.૮૪ કરોડની આસપાસ છે. પુરૂષ મતદારોની સંખ્યા ૯૫ લાખ છે. જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૮૯ લાખ છે. ચોથા તબક્કામાં મતદાન પૂર્ણ થતા કુલ ૨૬૨ બેઠકો ઉપર મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. ચોથા તબક્કામા જે ૧૨ જિલ્લાઓમાં મતદાન યોજાયું હતું. જેમાં પ્રતાપગઢ, કોસંબી, અલ્હાબાદ, જાલોલ, ઝાંસી, લલિતપુર, મહોબા, બાંદા, હમીરપુર, ચિત્રકુટ અને ફતેહપુરનો સમાવેશ થાય છે. ઉત્તરપ્રદેશમાં પાંચમાં તબક્કામાં બાવન સીટ માટે ૨૭મી ફેબ્રુઆરીના દિવસે મતદાન



થશે. છઠ્ઠા તબક્કા માટે સાત જિલ્લામાં ૪૯ સીટ માટે ચોથી માર્ચના દિવસે મતદાન થશે. જ્યારે સાતમાં,અંતિમ તબક્કામાં આઠમી માર્ચના દિવસે ૪૦ સીટમાં મતદાન

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




આયુર્વેદિક દવાઓ
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415

આશ્કા મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
મગજ, કરોડરજ્જુ અને ફેફસાના રોગોને લગતી તકલીફોનો નિદાન કેમ્પ
મગજ તથા કરોડરજ્જુના રોગોને લગતી તકલીફોના લક્ષણો
માથાના દુઃખાવા સાથે ઉબકા અને ઉલટીઓ તેમજ આંખોમાં ઝાખપ આવવી, મણકા / કમરનો દુઃખાવો, સ્લીપ ડિસ્ક, લકવાની તકલીફ હોય, ભૂલી જવાની તકલીફ હોય, વાઈની તકલીફ હોય, કંપાવાની તકલીફ હોય, હાથ-પગમાં બળતરા તથા દુઃખાવો
મગજના રોગના અનુભવી તથા પ્રતિષ્ઠિત ડૉ.રવિ ખેતાન અને ડૉ.દેવસી વિસાણા દ્વારા કન્સલ્ટેશન
છાતી તથા ફેફસાના રોગોને લગતી તકલીફોના લક્ષણો
અસ્થમા (દમ), ટી.બી., ઓબ્સ્ટ્રેક્ટીવ પલ્મોનરી ડીસીઝ, એલર્જી સ્લીપ એપ્નીયા (ઉંઘમાં નસકોરાં બોલવા અને શ્વાસમાં તકલીફ પડવી) પલ્મોનરી ફાઈબ્રોસીસ, ફેફસામાં પાણી ભરાઈ જવુ, લાંબા સમયની શ્વાસની તકલીફ
ફેફસાના રોગના અનુભવી તથા પ્રતિષ્ઠિત ડૉ.રાહુલ જાલાન દ્વારા કન્સલ્ટેશન
તારીખ: ૨૬/૨/૨૦૧૭ સમય: સવારના ૧૦:૦૦ થી બપોરના ૧:૦૦
ફ્રી રજીસ્ટ્રેશન
(પી.એફ.ટી, આર.બી.એસ અને બ્લડ પ્રેશરનુ ફ્રી ચેક અપ)
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરવો: ૦૭૯ - ૨૯૭૫૦૭૫૦, ૭૫૭૫૦૦૯૦૦૦
સ્થળ: આશ્કા મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
સરગાસણ અને રિલાયન્સ ચાર રસ્તાની વચ્ચે, સરગાસણ. ગાંધીનગર-૩૮૨૪૨૧
વધુ જાણકારી માટે :૭૫૭૫૦૦૭૭૦૨, ઈમરજન્સી માટે : ૭૫૭૫૦૦૭૭૦૭